

આરંભે શૂરા - ગાંધીનગરમાં ફૂવારાની એક મોસમ આવી... એક સાથે પાંચ ફુવારાનું નિર્માણ થયું... નગરની સુંદરતામાં નવા છોગા ઉમેરાયા... વાહ.. વાહ.. થવા લાગી. ગાંધીનગર ફુલ-ફુલ, ઠંડા-ઠંડા.... મોડીરાત સુધી નગરજનો ઉનાળામાં ફુવારાની આસપાસ બેઠક જમાવતા... ફુવારાની રોનક અને રૂઆબ એકાદ-બે વર્ષ ચાલ્યો હશે... આજે સાત વર્ષ બાદ પાંચમાંથી એક ફુવારો માંડ ચાલતો હોય તો, બાકી તો બંધ હાલતમાં છે... એટલું જ નહિ પણ ડમ્પીંગ સાઈટ બની ગયા છે... ગંદકીના ઢગ ખડકાય છે... આપણે આરંભે શૂરા છીએ... શરૂ થયા પછી કોઈ સારસંભાળ નહિ, કોઈની ફરિયાદ પણ સંભળાતી નથી... ગાંધીનગરના હાર્દસમા જ્યાં રોજના ૨૦થી ૨૫ હજાર નાગરિકોની અવરજવર છે એવા નગરના મુખ્ય બજાર સમા ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરની મધ્યમાં ફુવારો છેલ્લા ત્રણ વર્ષથી દયાજનક હાલતમાં છે... નથી કાઢી નખાતો કે નથી ચાલુ કરાતો... જોઈને જીવ બાળવાનો છે... આ તો માત્ર એક સેમ્પલ છે... ગાંધીનગરમાં ઠેર ઠેર આવુ તો ઘણુ દશ્યમાન થાય છે... ખેર વિનંતી છે તંત્રને કે જો આ ફુવારો ચાલુ ન થઈ શકે તો કંઈ વાંધો નહિ પણ અહીંથી હટાવી લેવાય... આ ગંદકીના થર ન જામે એ જોવાની આવશ્યકતા છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરાઓ ગરમીથી અકળાયા

## એક જ દિવસમાં તાપમાનમાં ૦.૭ ડિ.સે.નો વધારો નોંધાયો

ગાંધીનગર, તા. ૨૫

પાટનગર ગાંધીનગરમાં દિવસે ને દિવસે તાપમાનનો પારો ઉપર જઈ રહ્યો છે. ગતરોજ તાપમાનનો પારો ૪૦.૦ ડિ.સે. પહોંચ્યો હતો જે પારો આજે ૪૦.૭ ડિ.સે. પહોંચ્યો છે. પરિણામે શહેરીજનોને આકરો તાપ સહન કરવાનો વારો આવ્યો છે. મહત્તમ તપમાનનો પારો ૪૦.૭ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૦ ડિ.સે. નોંધાયું છે.

મળતી માહિતી અનુસાર સમગ્ર ગુજરાતમાં કાળઝાળ ગરમીએ પોતાનું આકરૂ રૂપ બતાવવાનું શરૂ કર્યું છે. હિટવેવ શરૂ થતા રહિશોએ તાપ અને ગરમીથી ભારે ત્રાહીમામ થઈ રહ્યા છે. વહેલી સવારથી જ સૂરજદાદા તપવાની શરૂઆત કરતા જ લોકો ઘરોમાં જ રહેવાનું પસંદ કરે છે અને ગરમી અને તાપથી બચવા ઠંડક મેળવવા પ્રયાસો કરે છે. ગાંધીનગરમાં ગરમીનો પારો ગત રોજ મહત્તમ ૪૦ ડિ.સે. અને લઘુત્તમ ૨૪.૦ નોંધાયું હતું. જ્યારે આજે તાપમાનમાં ૭ પોઈન્ટનો વધારો થતા મહત્તમ તાપમાન ૪૦.૭ ડિ.સે. તેમજ લઘુત્તમ તાપમાનમાં ૨ પોઈન્ટનો વધારો થતા લઘુત્તમ ૨૬ નોંધાયું હતું. સવારથી પડતી કાળઝાળ ગરમી વચ્ચે સ્થાનિકો ગરમીથી પરેશાન થઈ રહ્યા છે. તો બપોર બાદ પડતા આકરા તાપને કારણે તેમજ ગરમ પવનને લીધે માર્ગો પણ સાવ સુમસામ બની જાય છે.



(તસવીર : દિપક જાની)

## આસારામના કેસમાં ૯મીએ કોર્ટમાં કેસ કમિટની કાર્યવાહી

ગાંધીનગર, તા.૨૫

યૌન શોષણ કેસમાં સંડોવાયેલા આસારામના પ્રકરણમાં આગામી તા. ૯ મે ના રોજ ગાંધીનગર કોર્ટમાં કેસ કમિટ કરવાની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ છે. આ દરમિયાન જોધપુર જેલમાં કેસ કમિટ માટેનું ફોર્મ મોકલવામાં આવશે. જ્યાં આસારામ અને જેલરની સહી લીધા બાદ આ ફોર્મ પરત મોકલી દેવાશે. કેસ કમિટની કાર્યવાહી વેળાએ આ કેસના અન્ય તહોમતદારોને જામીન સાથે હાજર રહેવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

આસારામ યૌન શોષણ કેસ મામલે અગાઉ કોર્ટમાં ચાર્જશીટ કાર્યરત કરી દેવાયા બાદ હવે આગામી તા. ૯ મે ના રોજ કોર્ટમાં કેસ કમિટ કરવાની કાર્યવાહી હાથ ધરાશે. આ દરમિયાન જોધપુર જેલમાં કેસ કમિટ કરવા માટે ફોર્મ મોકલવામાં આવશે. જેમાં જોધપુર જેલના જેલર અને આસારામની સહી લીધા બાદ આ ફોર્મ પરત મેળવી લવાશે.


# આજે ભાજપ યુવા મોરચાના સંમેલનમાં મુકેશ ખન્ના

ગાંધીનગર, તા.૨૫

ભાજપ દ્વારા આજે ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ પૂર્ણ કરી દેવાઈ છે. સેકટરોમાં લોકસંપર્ક રાઉન્ડ બાદ આજે સે-૧૨ સ્થિત બલરામ ભવન ખાતે સાંજે ૫ કલાકે યુવા મોરચાનું સંમેલન યોજાશે. જેમાં જાણીતા અભિનેતા મુકેશ ખન્ના હાજર રહેશે.

ગાંધીનગર લોકસભાની બેઠક માટે અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા ભાજપ દ્વારા સેકટરોમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સે-૧ થી ૩૦ માં પ્રચાર ઝુંબેશ દરમિયાન ભાજપના નેતાઓ તેમજ કાર્યકર્તાઓએ ઘરે ઘરે ફરીને અડવાણીના વિજય માટે નાગરિકોને ભાજપની તરફેણમાં મતદાન કરવા લોકસંપર્ક કર્યો હતો. આજે પણ સે-૩૦માં ડોર ટુ ડોર પ્રચાર અન્વયે બાકી વિસ્તારને આવરી લેવામાં આવ્યા હતા. ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશના અંતે ભાજપ દ્વારા હવે યુવા અને મહિલા મોરચાનું સંમેલન યોજવામાં આવશે.આ ઉપરાંત સેકટરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગૃપ મિટીંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં ત્રણ દિવસ વોર્ડ દીઠ સવાર-સાંજ બેઠકો પણ યોજાશે. આ ઉપરાંત તા. ૨૬મી એપ્રિલે

● અનુસંધાન પાન-૭ પર




# સંસદ સભ્યનો મોબાઈલ પ્રજા માટે ૨૪ કલાક ચાલુ હોવો જોઈએ

## રેલવેનો વિકાસ થશે તો જ ગાંધીનગરનો વિકાસ થશે : મોંઘવારીનું મૂળ ભ્રષ્ટાચાર જ છે

ગાંધીનગર, તા.૨૫

આઈપીએલ-૭માં ટુર્નામેન્ટના પ્રારંભથી જ મેચો રોમાંચક બનવા લાગી છે, ખૂબ જ બદનામી મળવા છતાં આ સ્પર્ધા લોકોનું ધ્યાન ખેંચવામાં ખૂબ જ સફળ નીવડી છે તેનું એક માત્ર કારણ છે આ રમતમાં રહેલ 'થ્રીલ'. બસ ભારતીય રાજકારણમાં પણ ચૂંટણીઓનું મહત્વ ક્રિકેટમાં આઈપીએલના મહત્વ જેટલું જ છે. જેમ આ સ્પર્ધામાં કરાયેલું પ્રદર્શન આંતરરાષ્ટ્રીય સ્તરે કામનું નથી છતાં ખેલાડીને મળતા નાણાંનો આધાર તેની ક્ષમતા પર જ છે તે જ રીતે ચૂંટણીઓમાં હાર જીતથી એક સામાન્ય ભારતીયને લાંબો ફરક નથી પડતો પરંતુ આ રમતના ખેલાડીઓનું સ્થાન તેના આધારે જ નક્કી થાય છે. ટી-૨૦ મેચની છેલ્લી ચાર ઓવરની જેમ જ આખરી તબક્કા ભણી જઈ રહેલ ચૂંટણીઓમાં 'ઓરેન્જ કેપ' વાળી ટીમ જીતશે કે ગત ટ્રોફી વિજેતા તેને જાળવી રાખશે અથવા કોઈ નવી જ ટીમ આ વખતે ડાર્ક હોર્સ બની 'સરપ્રાઈઝ' આપી જશે? જે થાય તે પણ આ સ્લોગ ઓવર્સ ચાલુ થતા અહીં પણ 'સ્લેજીંગ'નું પ્રમાણ વધી ગયું છે જે અંતે તો પ્રેક્ષકોના હિતમાં નથી જ. છતા મતદાતા દરેકના પરફોર્મસને ધ્યાનથી નીરખી રહ્યો છે, કયારેક કોઈની સીકસ પર તાળીઓ મારે છે તો કયાંક કોઈની વિકેટ પડતા ચિંતાતુર થઈ જાય છે પણ ખૂબ જ લ્હેરથી રમતની મજા માણી રહ્યો છે કારણ કે તેને ખબર છે કે આ રમતનું પરિણામ તેના પોતાના હાથમાં છે.

સેકટર-૨૪માં જઈને વાત કરતા ખબર પડી કે અહીં મતદાર શું ઈચ્છી રહ્યો છે. અહીં કોઈને સ્થાનિક પ્રશ્નો ઉકેલે તેવો જ ઉમેદવાર ચૂંટવો છે તો કોઈને સ્થાનિક પ્રશ્નોની 'કુરબાની' આપીને પણ 'નવી' ટીમને ચાન્સ આપવો છે. અહીં રહેતા હાર્દિક મકવાણાના મતે સંસદસભ્ય તો સ્થાનિક જ હોવો જોઈએ પરંતુ આ વિસ્તારમાં તેની ઓફિસ હોવી જોઈએ જેથી પ્રજા કમસે કમ અઠવાડિયામાં એક વાર મળીને તેમના પ્રશ્નોની રજુઆત કરી શકે. આ સંસદસભ્યનો મોબાઈલ ફોન પ્રજા માટે ૨૪ કલાક ચાલુ હોવો જોઈએ.

**ઈલેકશન લાઈવ**



● અનુસંધાન પાન-૭ પર

# અડવાણીએ મતદારોનો પગલુછણીયા તરીકે જ ઉપયોગ કર્યો છે : કોંગ્રેસ

## વકીલો સાથેની બેઠકમાં જંગી બહુમતીથી કોંગ્રેસને જીતાડવા અપીલ


ગાંધીનગર, તા. ૨૫

અડવાણીએ આજદિન સુધી પ્રજાની સમસ્યામાં રસ લીધો નથી. ગુજરાતમાં વિકાસની મોટી બડાશો હાંકવામાં આવે છે પરંતુ સામાન્ય પ્રજાને વિકાસના નામે કોઈ હાંસલ થયું નથી. અડવાણીએ આટલા વર્ષો સુધી મતદારોનો પગલુછણીયા તરીકે જ ઉપયોગ કર્યો હોવાનું ગાંધીનગર લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કીરીટ પટેલે જણાવ્યું હતું. કીરીટ પટેલે આજે કોર્ટ સંકુલની મુલાકાત લઈ વકીલોને જંગી બહુમતીથી કોંગ્રેસને જીતાડવા અપીલ કરી હતી.

ગાંધીનગર લોકસભાની બેઠક પરથી કોંગ્રેસ પક્ષના ઉમેદવાર કીરીટ પટેલ સેકટરોમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં લોકસંપર્ક રાઉન્ડમાં વ્યસ્ત છે. કીરીટ પટેલ તેમજ શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ સહીતના કોંગ્રેસના કાર્યકર્તાઓએ આજે ગાંધીનગર કોર્ટ સંકુલમાં વકીલોનો સંપર્ક કરી કોંગ્રેસની તરફેણમાં મતદાન કરવા વકીલોને અપીલ કરી હતી. આ દરમિયાન કોર્ટના બારરૂમમાં વકીલોએ તેમનુ સ્વાગત કર્યુ હતુ. આ તબક્કે કીરીટ પટેલે વકીલોને જણાવ્યું હતું કે અડવાણીજી છેલ્લા ૬ ટર્મથી ગાંધીનગર બેઠક પરથી ચુંટાઈ આવે છે. સ્થાનિક ઉમેદવાર ન હોવા છતાં નાગરિકોએ અત્યાર સુધી તેમને જીતાડ્યા છે. આમ છતાં તેમણે ક્યારેય પ્રજાના પ્રશ્નોમાં રસ લીધો નથી. એટલું જ નહી પરંતુ પ્રજાલક્ષી એકપણ કામ કર્યુ નથી. સ્થાનિક ઉમેદવાર તરીકે કોંગ્રેસ પક્ષે મારી પસંદગી કરી છે. ત્યારે સ્થાનિક નાગરિકોના કોઈપણ પ્રશ્નોના નિરાકરણ માટે હુ સતત સક્રીય રહીશ તેની બાહેંધરી આપું છું. ગુજરાતમાં વિકાસ થયો હોવાની બડાશ હાંકવામાં આવે છે. પરંતુ વિકાસ કયાંય દેખાતો નથી. અડવાણીએ મતદારોનો માત્ર પગલુછણીયા તરીકે ઉપયોગ કર્યો છે. લીગલ સેલના વકીલ શંકરસિંહ ગોહીલે પણ કીરીટ પટેલને જંગી બહુમતીથી જીતાડવા વકીલોને અપીલ કરી હતી.

**ગાંધીનગર માટે**
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

Y.A. MANSURI
M. : 9824049503
GOVERNMENT APPROVED CONTRACTOR
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय ®
FEEL FREE, BE FEARLESS
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Kharpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com